ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ **1220/8/2022** તા.04-**08-2022**

**દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વરદ હસ્તે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ તેમજ ધરમપુરના વિવિધ પ્રોજેકટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યું.**

----

**આ કાર્યક્રમમાં શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં સેવા આપનાર નર્સો તથા વિદ્યાપીઠની શિક્ષીકા બહેનો અને વુમન એમ્પાવરમેન્ટની ગ્રામીણ બહેનોએ રક્ષાબંધન નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને રાખડી અર્પણ કરી.**

----

**આ પવિત્ર ભૂમિમાં આપણને જેટલુ મળ્યુ તેનો એક અંશ પણ સમાજને પાછુ આપવાનો પ્રત્યન કરીએ છીએ તો સમાજમાં બદલાવ આવે છે. –**
**શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----

**આઝાદીકા અમૃત મહોત્સવમાં દેશ તેમના તે સંતાનોને યાદ કરી રહ્યુ છે જેમણે ભારતને ગુલામીમાંથી બહાર લાવવા પ્રયાસ કર્યો. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**દરેકને કોરોના સામે રક્ષણ આપતી પ્રિ કોશન ડોઝ વહેલી તકે લેવા દરેકને વિંનતી કરી. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

-----

**દેશની નારીશક્તિને આઝાદીકા અમૃત કાળમાં રાષ્ટ્ર શક્તિના રૂપમાં સામે લાવવું તે આપણા બધાનું કર્તવ્ય છે. – શ્રી નરેન્દ્રભાઇ મોદી**

----

**આજનો દિવસ અંત્યત મહત્વનો તેનું કારણ એ છે કે આદિવાસી વિસ્તારમાં હોસ્પિટલ ચાલુ થાય તે ખૂબ મોટી વાત છે. આ હોસ્પિટલમાં દર્દીને એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વગર નિશુલ્ક સારવાર મળવાની છે. – શ્રી સી.આર.પાટીલ**

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

----

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશવાસીઓના આરોગ્યની ખૂબ ચિંતા કરતા આવ્યા છે અને તે માટે સૌથી મોટી આરોગ્ય સ્કીમ આયુષ્યમાનભારત જન આરોગ્ય યોજના આપણને આપી છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

બે દાયકાઓમાં ગુજરાતના આદિવાસી વિસ્તારો વિકાસની મુખ્ય ધારાઓમાં આવવા લાગ્યા છે. ગુજરાત સરકાર સૌના સાથ થી સૌના વિકાસથી કટીબદ્ધ છે. – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં દેશ જયારે આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે તે અંતર્ગત આપણે સૌ હર ઘર તિરંગા કાર્યક્રમમાં જોડાઇ ભારત માતા પ્રત્યે, વિર શહિદોના સન્માન અને આપણા તિરંગા પ્રત્યે ના સન્માન વ્યકત કરીએ – શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ તેમજ ધરમપુરના વિવિધ પ્રોજેકટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વરદ હસ્તે યોજાયો આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વર્ચ્યૂઅલ ઉપસ્થિત રહ્યા તેમજ રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની  ગરીમાય ઉપસ્થિત વચ્ચે યોજાયો. 250 બેડની મલ્ટીસ્પેશિયાલિટી ચેરિટેબલ હોસ્પિટલ શ્રી રામચંદ્ર  હોસ્પિટલનું વડાપ્રધાનશ્રીએ રિમોટનું બટન દબાવી લોકાર્પણ કર્યું. આ કાર્યક્રમમાં શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં સેવા આપનાર

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

નર્સો તથા વિદ્યાપીઠની શિક્ષીકા બહેનો અને વુમન એમ્પાવરમેન્ટની ગ્રામીણ બહેનોએ  રક્ષાબંધન નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને રાખડી અર્પણ કરી. આ કાર્યક્રમમાં રાજયના મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ પ્રાસંગીક સંબોધન કર્યુ

આ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે,  આપણે ત્યા શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે કે જેના ગુણધર્મ જેનુ કર્તવ્ય,જીવીત રહે છે તે જીવીત રહે છે તે અમર રહે છે. જેના કર્મ અમર રહે છે તેની ઉર્જા અને પ્રેરણા પેઢીઓ સુધી સમાજની સેવા કરતી રહે છે. શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરનો આજનો આ કાર્યક્રમ આ જ શાશ્વત ભાવનો પ્રતિક છે. આજે મલ્ટીસ્પેશિયાલીટી  હોસ્પિટલનું લોકાર્પણ થયુ, એનિમલ હોસ્પિટલનું શિલાન્યાસ કરવામાં આવ્યું તેમજ મહિલાઓ માટે સેન્ટર ફોર એક્સલન્સ નું નિર્માણ કાર્ય આજથી શરૂ થયું આનાથી ગુજરાતના ગ્રામીણો,ગરિબો,આદિવાસીઓ અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતના લોકોને ઘણો લાભ થશે. આ આધુનિક સુવિધા માટે પ.પૂ. શ્રી રાકેશ મહારાજ તેમજ ટ્રસ્ટીગણનો આભાર.શ્રીમદ રામચંદ્રજીએ એક મુકસેવકની જેમ જે સમાજ ભરતીના બીજ વાવ્યા હતા તે આજે વટવૃક્ષ બની રહ્યા છે તે આપણે અનુભવી શકીએ છીએ.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, શ્રીમદ રાજચંદ્ર મિશન સાથે મારો ઘણો જૂનો સબંધ રહ્યો છે. આ પવિત્ર ભૂમિમાં આપણને જેટલુ મળ્યુ તેનો એક અંશ પણ સમાજને પાછુ આપવાનો પ્રત્યન કરીએ છીએ તો સમાજમાં બદલાવ આવે છે. મને

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આ વાતનો આનંદ છે કે પૂ.ગુરુદેવના નેતૃત્વમાં શ્રીમદ રાજચંદ્ર મિશન ગુજરાતમાં ગ્રામીણ આરોગ્યના ક્ષેત્રમાં ખૂબ સરસ કામ કરી રહ્યા છે. ગરીબની સેવાની આ પ્રતિબદ્ધતા આ  નવી હોસ્પિટલથી વધુ મજબૂત થશે. આ હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ગ્રામીણ ક્ષેત્રમાં આધુનિક સુવિધા આપવા જઇ રહ્યુ છે. આઝાદી કા અમૃત કાળમાં  સ્વસ્થ ભારત માટે દેશના વિઝનને તાકાત આપશે. આરોગ્યના ક્ષેત્રમાં સબકા પ્રયાસના ભાવનાને સાર્થક કરી રહ્યુ છે. આઝાદીકા અમૃત મહોત્સવમાં દેશ તેમના તે સંતાનોને યાદ કરી રહ્યુ છે જેમણે ભારતને ગુલામીમાંથી બહાર લાવવા પ્રયાસ કર્યો.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, મને લાગે છે કે પ.પુ રાકેશજીનો દેશ બહુ મોટો રૂણી છે જેમણે શ્રીમદ રાજચંદ્રજીના જ્ઞાન પ્રભાવને જીવીત રાખ્યા છે. આ હોસ્પિટલ બનાવી આ પવિત્ર કામમાં રાકેશજીની દ્રષ્ટી પણ છે, પુરુષાર્થ પણ છે અને તેમનું જીવન પણ છે. આજે અહી જે એકલેન્સ ફોર વુમન સેન્ટર બની રહ્યુ છે તેનાથી આદિવાસી પરિવારની દિકરીઓ અને બહેનો ના જીવનને સમૃદ્ધ બનાવવા મદદ મળશે. શ્રીમદ રાજચંદ્રજીતો શિક્ષા અને કૌશલથી દિકરીઓને સશક્તિકરણનો આગ્રહ રાખતા હતા તેમણે નાની ઉમરમાં જ મહિલા સશક્તિકરણ પર ગંભીરતાથી તેમની વાત રજૂ કરી છે. દેશની નારીશક્તિને આઝાદીકા અમૃત કાળમાં રાષ્ટ્ર શક્તિના રૂપમાં સામે લાવવું તે આપણા બધાનું કર્તવ્ય છે. કેન્દ્ર સરકાર આજે બહેનો અને દિકરીઓની સામે આવનાર દરેક અવરોધને દુર કરવા તમામ પ્રયાસો કરી રહી છે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી મોદી સાહેબે જણાવ્યું કે, આજે ભારત સ્વાસ્થ્યની જે નીતી પર ચાલી રહ્યુ છે. તેમાં દરેક જીવના આરોગ્યની ચિંતા કરે છે. ભારત મનુષ્યમાત્રની રક્ષા કરવાવાળી રસીઓ સાથે પશુઓની માટે પણ રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન ચલાવી રહ્યુ છે. દેશમાં ગાય,ભેંસ સહિતના પશુઓને ફુડ એન્ડ માઉથ ડિસીસના બચાવમાં 12 કરોડ રસીઓ લગાવવામાં આવી જેમાં 90 લાખ રસીઓ ગુજરાતમાં લગાવવામાં આવી આજે 21મી સદીમાં નવી યુવા પેઢી ઉજ્જવળ ભવિષ્યનું સમાર્થ્ય આપે છે. આ પેઢી સામે અનેક નવી તકો છો. કોરોના માટે પ્રિકોસન ડોસનું અભિયાન ચાલી રહ્યુ છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દરેકને કોરોના સામે રક્ષણ આપતી પ્રિકોશન ડોઝ ન લીધો હોય તો વહેલી તકે લેવા દરેકને વિંનતી કરી.

આ કાર્યક્રમમાં શ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, આજનો દિવસ અંત્યત મહત્વનો તેનું કારણ એ છે કે આદિવાસી વિસ્તારમાં હોસ્પિટલ ચાલુ થાય તે ખૂબ મોટી વાત છે. આ હોસ્પિટલમાં દર્દીને એક પણ રૂપિયાનો ખર્ચા કર્યા વગર નિશુલ્ક સારવાર મળવાની છે તેના માટે દરેક ટ્રસ્ટ્રીગણ અને પ.પુ રાકેશજી મહારાજનો ખૂબ ખૂબ આભાર સાથે વંદન. પ.પુ રાકેશજી મહારાજે આદિવાસી વિસ્તારમાં હોસ્પિટલની સુવિધા કરી જંગલમાં મંગલ કર્યુ છે.

શ્રી પાટીલ સાહેબે વધુમાં જણાવ્યું કે, મે દેશ અને દુનિયાની ઘણી બધી હોસ્પિટલ જોઇ છે મોંઘી હોસ્પિટલ પણ જોઇ છે. પરંતુ ત્યા પણ જે સુવિધા નથી તે અંહીની હોસ્પિટલમાં નિશ્લુક મળવાની છે. આજે આ હોસ્પિટલમાં નવા 250 બેડની

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હોસ્પિટલની શરૂઆત કરવા ટ્રસ્ટીગણ સાથે હું પણ તેમની સાથે જોડાયેલો હતો હું પણ ઇચ્છતો હતો કે ઝડપથી આ સેવાકીય કાર્યની શરૂઆત થાય,લોકાર્પણ થાય. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વરદ હસ્તે લોકાર્પણ થઇ ગયું. આખા ગુજરાતમાં કદાચ સૌથી સારી હોસ્પિટલની વ્યવસ્થા અંહી ઉપલબ્ધ કરવામાં આવી છે. અંતમાં દરેક ટ્રસ્ટીગણ અને પ.પૂ શ્રી રાકેજ મહારાજને વંદન સાથે આ સેવાકીય પ્રવૃતિ માટે જે પ્રયાસ કર્યો છે તે અકલ્પનીય છે,શબ્દમાં વર્ણાવી ન શકાય તેવુ કામ આજે અંહી કર્યુ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશવાસીઓને આહવાન કર્યુ છે તે દરેક વ્યકિત તેમના મોબાઇલ ફોનના ડિપીમાં તીરંગો લગાવે. તારીખ 13 ઓગસ્ટ થી 15 ઓગસ્ટ સુધી તિરંગો દરેકે પોતાના ધરે ચોક્કસ પણે લાગવજો.

આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, માનવ,પશુઓ.જીવ પ્રાણીમાત્રની સેવા કરવાની પ્રેરણા શ્રીમદ રાજચંદ્રજીએ સૌને આપી છે. ભારતની પંરપરામાં શ્રીમદ રાજચંદ્રનું અનન્ય સ્થાન છે. 20મી સદીમાં વિશ્વ આધુનિકતા તરફ ડગ માંડી રહ્યુ હતું ત્યારે તેમણે નુતન આધ્યાત્મિક જગતના દ્વારા આપણા માટે ખોલી આપ્યા હતા અને તેમણે વાવેલા વિચાર બીજ આજે વટવૃક્ષ બનીને દેશ અને દુનિયામાં ફેલાયા છે. પ.પૂ. ગુરુદેવશ્રી રાકેશજી મહારાજે ભારે જહેમત ઉઠાવીને શ્રીમદ રાજચંદ્રની વિચારધારાને ચોમેર તરફ પ્રસ્થાપિત કરી છે.ગુરુદેવશ્રી રાકેભાઇજીની પ્રેરણાથી ધરમપુરનો આશ્રમ ગુજરાતની ભૂમી પરનું અદકેરુ તીર્થ સ્થાન બન્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ભારતના વિકાસ અને પ્રગતી માટે સતત અથાર્ગ પ્રયત્ન કરનાર

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

રાષ્ટ્રપુરુષ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશવાસીઓના આરોગ્યની ખૂબ ચિંતા કરતા આવ્યા છે અને તે માટે સૌથી મોટી આરોગ્ય સ્કીમ આયુષ્યમાન ભારત જન આરોગ્ય યોજના આપણને આપી છે.

શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબે વધુમાં જણાવ્યું કે, કોરોના મહામારી દરમિયાન લોકડાઉન,નિયંત્રણો, સ્ક્રિનિંગ, ટેસ્ટીંગ સહિતના પગલા લઇ તેમને દેશને કોરોના મહામારીથી ઉગારી લીધો. દેશના ગરીબ ભુખ્યા ન સેવેતે માટે પ્રધાનમંત્રી અન્ન સુરક્ષા યોજના હેઠળ કરોડો ગરીબોને વિના મુલ્યે અનાજ આપવાની વ્યવસ્થા કરાવી. કોરોના સામે રક્ષણ અપાવવા વિના મુલ્યે રસી આપવાની વ્યવસ્થા કરી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં દેશમાં સ્વદેશી રસી બની. સરકાર જનહીતના કાર્યમાં ધાર્મિક,સમાજીક સંસ્થાઓ  પણ કેટલુ ઉત્તમ યોગદાન આપી શકે છે તે શ્રીમદ રામચંદ્ર મિશને કરી બતાવ્યું.વન બંધુ કલ્યાણ યોજનાથી વન વાસીઓનો સર્વગ્રાહી વિકાસ થયો છે. એક સમય એવો પણ હતો કે ગુજરાતમાં આદિજાતી પરિવારોની દરકાર લેવા વાળુ કોઇ ન હતું. શિક્ષણ અને આરોગ્યની પુરતી સુવિધાઓના અભાવે આદિવાસી વિસ્તારમાં અનેક સમસ્યાઓ સર્જાતી હતી પરંતુ તે સમયે આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના સાશનની ધુરા સંભાળ્યા પછી આ સ્થિતિમાં ઘણો બદલાવ આવ્યો છે. બે દાયકાઓમાં ગુજરાતના આદિવાસી વિસ્તારો વિકાસની મુખ્ય ધારાઓમાં આવવા લાગ્યા છે. ગુજરાત સરકાર સૌના સાથ થી સૈના વિકાસથી કટીબદ્ધ છે.

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં દેશ જયારે આઝાદીકા અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે તે અંતર્ગત આપણે સૌ હર ઘર તિરંગા કાર્યક્રમમાં જોડાઇ ભારત માતા પ્રત્યે, વિર શહિદોના સન્માન અને આપણા તિરંગા પ્રત્યે ના સન્માન વ્યકત કરીએ. આગામી 13 થી 15 ઓગસ્ટ દરમિયાન સૌ પોતાના ઘર,ઓફિસે રાષ્ટ્ર ધ્વજ લહેરાવે.

આ કાર્યક્રમમાં રાજયનામંત્રીશ્રીઓ શ્રી કનુભાઇ દેસાઇ,શ્રી નરેશભાઇ પટેલ,શ્રી જીતુભાઇ ચૌધરી,શ્રી મુકેશભાઇ પટેલ,જીલ્લાના પ્રમુખશ્રી હેમંતભાઇ કંસારા, ધારાસભ્યશ્રીઓ શ્રી રમણભાઇ પાટકર,શ્રી ભરતભાઇ પટેલ,શ્રી અરવિંદભાઇ પટેલ,શ્રી વિજયભાઇ પટેલ,જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીમતી અલ્કાબેન શાહ,ટ્રસ્ટીગણ,અને શ્રીમદ રામચંદ્ર પરિવારના ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)